**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૯ ટકા

# સે-૫/સીમાં ગટરની ગંદકીથી વસાહતીઓ ત્રાહિમામ

## જાહેર માર્ગની ગટર ઉભરાવાથી વસાહતીઓના ઘરમાં ગટરોમાં અસહય દુર્ગંધ આવી રહી છે : સેકટર-૫ વસાહત મંડળ દ્વારા નિરાકરણ નહીં આવે તો પાટનગર યોજના કચેરી ખાતે ધરણાંની ચિમકી





ગાંધીનગર, તા.૧૩

સેકટર-૫/સીના રહેણાંક વિસ્તારમાં જાહેર માર્ગ ઉપરની ગટરો ભરાઈ જવાથી ઉભરાઈને ચોકઅપ થઈ ગઈ છે. જેથી સેકટર-૫/સીના રહેણાંક વિસ્તારમાં વસાહતીઓ હાલમાં નર્કાગારમાં ગંદકીની ઓથમાં જીવી રહયા છે. આ બાબતે સ્થાનિક વસાહતીઓ દ્વારા સેકટર-૩ સુવિધા કચેરી ખાતે અસંખ્યવાર ગટરો ઉભરાવવાની ફરીયાદો રજીસ્ટરમાં નોંધાવામાં આવી છે તેમ છતાં સંબંધિત કચેરીના જવાબદાર અધિકારી અને કર્મચારીઓ દ્વારા સ્થળ મુલાકાત અથવા તપાસ કરવામાં પણ આવ્યા નથી. છેલ્લા એક સપ્તાહથી આ વિસ્તારના વસાહતીઓ ગટરો ઉભરાવાને કારણે ગંદકી અને અસહય દુર્ગંધના નરકાગૃહમાં જીવી રહયા છે. અસહય દુર્ગંધના કારણે રોગચાળો ફાટી નીકળવાનોભય સતાવી રહયો છે. જાહેર માર્ગો ઉપરનીગટરોઉભરાઈનો ચોકઅપ થવાના કારણે નજીકના સ્થાનિક વસાહતીઓના મકાનોમાં બાથરુમ અને શૌચાલયની ગટરોમાં અસહય દુર્ગંધ આવી રહી છે અને પોતાના જ ઘરમાં પોતાનું બાથરુમ-શૌચાલયનો ઉપયોગ કરી શકતા નથી અને જાહેર શૌચાલયનો ઉપયોગ કરવાનો વારો આવ્યો છે. વસાહતીઓ પોતાની સુખ સુવિધાઓ માટે સરકારમાં ટેકસ મિલકત વેરો ભરે છે તેમ છતાં સંબંધિત જવાબદાર અધિકારીઓને લેખિત ફરીયાદો કરવા છતાં એક સપ્તાહ જેટલો સમય થઈ ગયા બાદ પણ સરકારી તંત્ર દ્વારા નિરાકરણ લાવવા માટે કોઈ જ પ્રયત્ન કરવામાં આવ્યા નથી. આ બાબતે મહાનગરપાલિકાના ચૂંટાયેલા પ્રજાના સેવકો, કોર્પોરેટરોનું અવારનવાર ધ્યાન દોરવા છતાં વસાહતીઓની ફરીયાદોના નિરાકરણ લાવવા માટે કોઈ જ રસ દાખવવામાં આવ્યો નથી. જો આ બાબતે બે દિવસમાં નિરાકરણ નહીં આવે તો સેકટર-૫ના વસાહતીઓની મીટીંગ બોલાવીને વસાહતીઓને જાગૃત કરી સે-૧૬ પાટનગર યોજના કચેરી ખાતે કાર્યપાલક ઈજનેરની કચેરી સામે ધરણાં હલ્લાબોલ કરવા માટે સેકટર-૫ વસાહત મંડળના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ નિર્ણય લીધો છે.

**જન્મદિને વધામણી**



નિધિ જી. પરમાર



મોહંમદ સફાન સાકીરહુસેન દિવાન



પૂજા એસ કાન્ત
મો. ૯૭૧૪૬ ૨૦૮૮૩

## શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવપુરામાં મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૩

શ્રી નરનારાયણ દેવ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨ ગાંધીનગરના મહંત પી.પી.સ્વામીના માર્ગદર્શન તેમજ પ્રેરણાથી મહાદેવપુરા છાલા, ગાંધીનગરમાં નવનિર્મિત થયેલા શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવપુરા છાલા ખાતે મંદિરનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા તા.૧૨થી ૧૪ દરમિયાન શરૂ કરવામાં છે. આ કાર્યક્રમ દરમિયાન શ્રીમદ ભાગવત દશમસ્કંધ પારાયણ-કથા તેમજ અન્નકુટ ઉત્સવનું આયોજન કર્યું છે. જેમાં વિશાળ સંખ્યામાં હરિભક્તો કથા, કિર્તન-ભક્તિનો લાભ લઈ રહયા છે.

## શ્રી સમસ્ત ખડાયતા સમાજ દ્વારા કોટયર્ક ઉત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા.૧૩

સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત ગાંધીનગરનો સંવત ૨૦૭૯નો બારસ ઓચ્છવનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૩૦૦ ખડાયતા બન્ધુઓ સત્કાર બેન્કવેટ હોલ, કુડાસણ ગાંધીનગર ખાતે હાજર રહયા હતા. ઉત્સવના શુભેચ્છકો દ્વારા શ્રી કોટિયર્ક પ્રભુની આરતી ઉતારી સમગ્ર કાર્યક્રમની શરૂઆત કરી હતી. સંચાલન વૃશાંગ ઠેકડી દ્વારા કરાયું હતું. શરૂઆતમાં શુભેચ્છકોના સ્વાગત કરાયા બાદ પ્રમુખ જે.ઓ.શાહ દ્વારા જ્ઞાતિના વિકાસને લગતી જાણકારી આપી આગામી ઓચ્છવના શુભેચ્છકો માટે ખડાયતા બંધુઓને નામ નોંધાવવા વિનંતી કરી વડીલ હસમુખભાઈ શાહ દ્વારા નવી કારોબારીની રચના કરાઈ હતી. જેમાં નવા પ્રમુખ તરીકે વિજયભાઈ તલાટીની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. અંતે કાર્યક્રમનું સમાપન સંજયભાઈ શાહ દ્વારા હાજર સર્વે ખડાયતા બંધુઓ અને ખાસ કાર્યક્રમના શુભેચ્છકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બોરિજ પ્રાથમિક શાળાના બાળકો બાળ યુવા મહોત્સવ-૨૦૨૨માં વિજેતા



ગાંધીનગર, તા.૧૩

બાળ દિવસની ઉજવણી ના ભાગરૂપે બોરિજ પ્રાથમિક શાળામાં " બાળ યુવા મહોત્સવ - ૨૦૨૨ " નું ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ દ્વારા લોટ ફૂંક, ફુગ્ગા ફોડ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગરના ૬૦ થી પણ વધુ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં જોડાઈને ઉત્સાહભેર ભાગ લીધો હતો. બોરિજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ લોટ ફૂંક સ્પર્ધામાં પ્રથમ વિજેતા મેઘા ઠાકોર અને દ્વિતીય વિજેતા સુજલ વાઘેલા રહ્યા હતા. બંન્ને વિજેતાઓને પ્રમાણપત્ર તેમજ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર અને મેડલ આપી મિલાપ ટાટારિઆ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા સાથે બાળ યુવા મહોત્સવ - ૨૦૨૨ ને સરળ રીતે સફળ બનાવવા માટે દરેક સ્પર્ધકો, વડિલો, સ્પર્ધકોના માતા-પિતાશ્રીઓનો આયોજક મિલાપ ટાટારિઆ અને જતીન દવેએ ખૂબ આભાર વ્યકત કર્યો હતો.

# વ્યસન આજના યુગના રાક્ષસ, તેને ઓળખી લેવા જરૂરી

## ગાંધીનગરનો એક અનોખો કલાકાર જે પોતાની કલાનો આજીવિકા સાથે વ્યસન મુક્તિ જેવા જનજાગૃતિના કાર્યો માટે ઉપયોગ કરે છે : અભિનય કલા સાથે વિવિધ સેવાકિય પ્રવૃતિઓ કરતા આ કલાકારની "પોઝિટિવિટી" તેના સંપર્કમાં આવનારને સ્પર્શી જાય છે

ગાંધીનગર, તા.૧૩

આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં વ્યક્તિ પોતાના ક્ષેત્રમાં સફળતા કે નોંધપાત્ર સ્થાન મેળવવા પોતાના જ સિધ્ધાંતો કે માનવીય મૂલ્યોમાં બાંધછોડ કરતાં અચકાતો નથી તેવી સ્થિતિ સર્જાઇ રહી હોવાની ચર્ચાઓ ચાલતી રહે છે. જોકે કેટલાંક એવા પણ વ્યક્તિઓ હોય છે જેમના માટે તેમની કલા અને કસબ માત્ર કારકિર્દી ઘડવાનું સાધન નથી હોતા પરંતુ તેના થકી સમાજિક જવાબદારી પણ નિભાવવાનું માધ્યમ બને છે, તેમના માટે મોટી સફળતા ગૌણ બની જાય છે અને "નાના દિવડે દિવાળી" કરીને આત્મસંતોષ સાથે કામ કર્યાનો તેઓ આનંદ માણતા હોય છે. ગાંધીનગરમાં એક કલાકાર એવો પણ છે જે પોતાની કલા થકી આજીવિકા તો રળે છે પરંતુ તેનો ઉપયોગ તેની સમાજમાં સેવા કાર્યો અને વ્યસન મુક્તિ જેવા જનજાગૃતિના કાર્યો માટે પણ કરે છે. "એનસી"ના હુલામણાં નામથી જાણીતો આ કલાકાર અનેક નવા અને નાના કલાકારોને પણ તક આપવા અપાવવામાં મદદરૂપ થવા માટે જાણીતો છે.




ગાંધીનગરના ઘ-૫ સર્કલે જેમની પ્રતિમા સ્થિત છે તેવા પૂ. રવિશંકર મહારાજની કર્મભૂમિ એવા મહેમદાવાદ તાલુકાના સરસવણી-જાળીયા નામના જોડીયા ગામ પૈકીના જાળીયા ગામના વતની ચતુરસિંહ ચૌહાણ અને તેમના ધર્મપત્નિ અમરતબાના બે દિકરાઓ પૈકીના મોટા દિકરા નટવરસિંહને શાળા અભ્યાસ સાથે જ એક પાત્રિય અભિનય અને વક્તૃત્વ સ્પર્ધા જેવી પ્રવૃતિઓમાં ભારે રસ હતો અને તેમાં ભાગ લઈને મોટે ભાગે પ્રથમ ક્રમાંકે વિજેતા બનતાં ભલે માત્ર એક પેન્સિલનું જ ઈનામ મળે પણ નટવરસિંહને પ્રોત્સાહન અઢળક પ્રાપ્ત થતું હતું. ધો.૧૨ પછી પિતાની ગાંધીનગર ખાતે માર્ગ અને મકાન વિભાગમાં રોજમદાર તરીકેની નોકરી હોવાથી વ્યવસાયલક્ષી અભ્યાસ માટે અહીં આવીને સેક્ટર-૧૫માં આઈટીઆઈમાં સ્ટેનોગ્રાફીનો અભ્યાસ શરૂ કર્યો પરંતુ તેમનું મન તો અભિનય કળામાં જ પરોવાયેલું રહેતું હતું. સ્ટેનોગ્રાફીનો અભ્યાસ પૂર્ણ થતાં નાની-મોટી નોકરી સાથે તેમણે ગાંધીનગરમાં વિવિધ ગૃપ સાથે જોડાઈને નાટકોમાં ભાગ લેવાનું શરૂ કર્યુ. આ દરમ્યાન તેમને રોજગાર વિભાગ થકી સ્ટેનો ઈન્સ્ટ્રકટર તરીકે નડિયાદ ખાતેની ઔધોગિક અદાલતમાં સરકારી નોકરી પણ મળી હતી પરંતુ પરિવારની જવાબદારી હોવાને કારણે તેમણે તે નોકરીને સ્વિકારી નહીં. નાટકોના કારણે નટવરસિંહની અન્ય શહેરોમાં પણ આવનજાવન વધી અને સંપર્કો પણ વધ્યાં જેમાં અમદાવાદના વાકાણી થીએટર્સના દિગ્દર્શક ભીમ વાકાણીના સંપર્કમાં આવ્યાં પછી તેમણે રાજ્ય સરકારની સંગીત નાટક અકાદમીના સહયોગથી વિવિધ નાટકોમાં છેક મુંબઈ સુધી જઈને સ્ટેજ પરફોર્મન્સ આપ્યું હતું. આ સાથે રમેશ કલોલકર અને વિષ્ણુ ઠાકોર વગેરેના દિગ્દર્શનમાં નાટકો અને ગુજરાતી ફિલ્મોમાં પણ તેમને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાની તક મળી. આ સાથે તેઓ નટવરસિંહ ચતુરસિંહ ચૌહાણના ટૂંકાક્ષરી નામ "એનસી"થી જાણીતા બન્યાં. અભિનય, એંકરિંગ અને પ્રવચનનો શોખ ધરાવતા 'એનસી'એ કલા ક્ષેત્રે દૂરદર્શન પર સાપ્તાહિક ધારાવાહિકોથી માંડીને અનેક ગુજરાતી ફિલ્મો, નાટકો તેમજ અઢળક ગુજરાતી સોંગ્સના આલ્બમ્સમાં પણ કામ કર્યુ છે અને ઘણાં બધાં સન્માન પણ પ્રાપ્ત કર્યા છે. તેમણે હિન્દી-ગુજરાતી ડોક્યુમેન્ટરી ફિલ્મો પણ કરી છે અને સંગીત નાટક અકાદમીના સહયોગથી નાટકો, ડાયરા સહિતના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન કરીને અનેક નવોદિત કલાકારોને સ્ટેજ પરફોર્મન્સની તક પણ પુરી પાડી છે. 'એનસી'નો સ્વભાવ પહેલેથી જ પરગજુ રહ્યો અને પોતાના સાથી કલાકારો-કામદારોને મદદરૂપ થવા સાથે તેઓ વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે પણ જોડાયેલાં રહેતાં હતાં. આ સાથે ૧૯૯૯માં તેમણે આકાશ સમાજસેવા ટ્રસ્ટ નામની પોતાની સંસ્થાની રચના કરી અને આજે તે સંસ્થા સેવાકિય પ્રવૃતિઓ સાથે કલાક્ષેત્રે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની માન્ય સંસ્થા છે. આ સંસ્થા અંતર્ગત તેઓ દરવર્ષે ફાગણી પૂનમે ડાકોરના પદયાત્રિકો માટે સળંગ પાંચ દિવસનો સેવા કેમ્પ યોજે છે. આ ઉપરાંત તેઓ પારૂલ એસ. ફાઉન્ડેશન સંસ્થાના મહામંત્રી પણ છે જે સંસ્થા થકી તેમણે કોરોના મહામારીના લોકડાઉનમાં શ્રમજીવી પરિવારોને સવાર-સાંજ ભોજન સહિત પોલીસ સહિતના કર્મયોગીઓને વિવિધ સેવા પુરી પાડી હતી જે અંતર્ગત સંસ્થાને તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવી હતી. 'એનસી' પોતે બાળપણથી કોઈપણ પ્રકારના વ્યસનથી દૂર રહ્યાં અને ક્યારેય કોઈને બીડી-સિગારેટ પીવડાવવી નહીં કે દારૂ-તમાકુ ખવડાવવી નહીં તે એમનો ખાસ સિધ્ધાંત હતો. તેમની સંસ્થાએ પુર, ભૂકંપ કે અન્ય આપત્તિઓ દરમ્યાન સતત સેવાકાર્યો તો કર્યા પરંતુ તે સાથે સમાજમાં વ્યસન મુક્તિ માટે કાર્યરત રહીને રાજ્યના છેવાડાંના ગામો સુધી વ્યસનમુક્તિનો સંદેશ આપતા નાટકો કર્યા. દર વર્ષે તેઓ ધુળેટીના પર્વે બોરીજના ખાંટ વાસ ખાતે ત્યાંના સ્થાનિક કલાકારોને લઈને પોતાના દિગ્દર્શનમાં વ્યસનમુક્તિનો સંદેશ આપતું નાટક અચૂક કરે છે. વળી શહેરમાં તેઓ બહાર ખુલ્લામાં સુતા શ્રમિક પરિવારોના બાળકોને મેલેરિયા-ડેન્ગ્યુ જેવાં મચ્છરજન્ય રોગોથી બચાવવા મચ્છરદાનીનું નિઃશુલ્ક વિતરણ કરે છે. તેમની સંસ્થાએ અક્ષરધામ પરના આતંકી હુમલામાં જીવના જોખમે સેવા આપનાર ગાંધીનગર ફાયર બ્રિગેડના જવાનોને ૨૦૦૪માં સન્માનિત કરવાનું અનોખું કાર્ય પણ કર્યુ હતું.







"વ્યસનો એ વર્તમાન સમયના રાક્ષસ છે અને આ રાક્ષસોને આપણે ઓળખી લેવા જોઈએ" તેવી વિચારધારા ધરાવતા 'એનસી' અનેક રાષ્ટ્રપ્રેમના કાર્યક્રમોના પણ આયોજન કરે છે. "ભલે ચાલતા જવું પણ જીવનમાં પોતાની માલિકી સિવાયના સગા ભાઈથી માંડીને અન્ય કોઈપણ વ્યક્તિના વાહનને ચલાવવા માંગવાનું નહીં" તેવો સિધ્ધાંત ધરાવતા 'એનસી'ના સંપર્કમાં આવેલાં સૌ કોઈ તેમની સરળતા અને કોઈપણ પરિસ્થિતિ હોય છતાં હંમેશા ચહેરાં પર સ્મિત સાથે દરેકને મદદરૂપ થવાની ભાવનાથી પ્રભાવિત થયાં વિના રહી શકતું નથી.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com